# ઊંઝાના ઉનાવા ગામે સીટી સર્વે કચેરી અધિકારીઓની બેદરકારીથી લોકો પરેશાન

## લોકો રોજ ધરમધક્કા ખાઈ પાછા જાય છે

ઊંઝા, તા. ૮


ઊંઝા નજીકના ઉનાવા ગામે આવેલ સીટી સર્વે કચેરીમાં છેલ્લા કેટલાક વર્ષોથી જવાબદાર અધિકારીની કાયમી નિયુક્તિ કરવામાં ન આવતા અને જુદા જુદા ચાર્જ સંભાળતા અધિકારીઓ ફરજ પાલનમાં બેદરકારી દાખવતા લોકોની મિલકતોની હક્ક ચોકસીની કામગીરી અધુરી રહી છે. પરિણામે આવા લોકો કચેરીના ધક્કા ખાઈને ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત સીટી સર્વે કચેરીની નિષ્ક્રિય કામગીરીને કારણે તેના વહિવટની લોકમાનસમાં ખરાબ છાપ ઉપસી છે. ઉનાવામાં ગત સને ૧૯૮૯ની સાલમાં સીટીસર્વેની કચેરી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં તત્કાલીન અધિકારીઓએ ગામની હદમાં આવેલ ખેતી સિવાયના હેતુ માટે વપરાતી જમીન તેમજ મકાનો અને ઘરોની હક્કચોકસીની કાર્યવાહી કરવા અંગે મિલકત ધારણ કરનારાઓ, વાલી વારસોને હક્ક બાબતના પુરાવાઓ રજૂ કરવા નોટીસો પાઠવી હતી. જે સંદર્ભે લોકોએ પોતાની મિલકતો સંબંધી હક્ક બાબતે લેખિત નિવેદનો આપી જરૂરી પુરાવાઓ રજૂ કર્યા હતા.

બાદ સને ૧૯૮૨માં માપણીની કામગીરી કરવામાં આવી હતી અને સને ૧૯૯૦માં તેની ઈન્કવાયરી થઈ હતી. દરમિયાન વર્ષો બાદ હવે સનદો આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત છેલ્લા કેટલાય વર્ષોથી આ કચેરીમાં જવાબદાર અધિકારીની કાયમી નિયુક્તિ કરવામાં આવી નથી. જેથી વર્ષોથી જુદા જુદા અધિકારીઓ ચાર્જ સંભાળી રહ્યા છે. જેઓ અઠવાડિયામાં ફક્ત એક જ દિવસે કચેરીમાં હાજરી આપે છે. જ્યારે બાકીના દિવસોએ કચેરીને કંભાતી તાળાં નજરે પડેછે. કચેરી તરફથી લોકોને જે સનદો અપાય છે તેનો કાગળ સાવ જૂનો રદી છે. જે જલ્દીથી ફાટી જાય છે.

ભૂતકાળમાં કેટલાક અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચરીને ગરબડ ગોટાળાઓ કર્યા હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકત બહાર આવે તેમ મનાય છે. આ કચેરીમાં અગાઉ ફરજ બજાવી ગયેલ અધિકારીઓ પૈકી કેટલાક અધિકારીઓએ ફરજ પાલનમાં બેદરકારી દાખવતાં વર્ષો વીતિ જવા છતાં કેટલાક લોકોના મિલકત સંબંધી રેકર્ડ માન્ય થયેલ નથી. કે રેકર્ડ પર તેની નોંધ સુદ્ધા પણ કરવામાં આવી નથી. હજી કેટલાય લોકોની મિલકતોની હક્ક ચોકસીની કામગીરી અધુરી રહી છે. પરિણામે આવા લોકો કચેરીના ધક્કા ખાઈને ભારે પરેશાની ભોગવી રહ્યા છે.

# ખેમાણા ટોલનાકાના કર્મચારીઓ અને સિદ્ધપુરના વકીલો વચ્ચે રકઝક



પાલનપુર, તા. ૮

પાલનપુર આબુ હાઈવે પર ખેમાણા ટોલનાકા ઉપર ટોલનાકાના કર્મચારીઓ અને રાજસ્થાન તરફથી ગાડી લઈને આવી રહેલ સિદ્ધપુરના ચાર વકીલો વચ્ચે રકઝક થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જો કે ચારેય વકીલો નશાયુક્ત હાલમાં હોવાનું પાલનપુર તાલુકા પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ સિદ્ધપુર શહેરના ચાર વકીલો ગઈકાલે જી.જે.-૧૮-એ-૮૬૦૩ નંબરની ગાડીમાં રાજસ્થાન તરફથી આવી રહ્યા હતા ત્યારે પાલનપુર આબુ હાઈવે ઉપર ખેમાણા ટોલનાકા ઉપર કોઈ કારણોસર તેઓને ટોલનાકાના કર્મચારીઓ સાથે રકઝક થયા બાદ મારા મારી થઈ હતી. જે અંગે કર્મચારીઓએ પાલનપુર તાલુકા પોલીસમથકે ગાડીના ડ્રાઈવર વિજયભાઈ મધાભાઈ પરમાર, રહે અશોક સિનેમા પાલનપુર, ઉદાજી જવાનજી ઠાકોર રહે. કાંટ તા. સિદ્ધપુર, સંજયકુમાર બાબુલાલ શર્મા રહે સિદ્ધેશ્વરી સોસાયટી સિદ્ધપુર, હસમુખ કાંતિલાલ શ્રીમાળી રહે. બિલીયા, તા. સિદ્ધપુર તથા જીગ્નેસ મણીલાલ પરમાર રહે. ખળી ચાર રસ્તા સિદ્ધપુર વાળાઓ સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જો કે પોલીસે ઉપરોક્ત ચારેય વકીલો નશાયુક્ત હાલતમાં હોવાનું જણાવ્યું હતું. આ અંગે પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# પિતાનું ખૂન કરી પુત્રીનું અપહરણ કરી જનાર શખ્સ ઝડપાયો

## રકનપુર ગામની સીમમાંથી કલોલ તાલુકા પોલીસે તેની ધરપકડ કરી

કલોલ,તા. ૮

ત્રણ દિવસ અગાઉ રાત્રીના અરસામાં કલોલના પ્રતાપપુરા વિસ્તારમાં દીકરીની નજર સામે જ પિતાના હાથ-પગ કાપી નાંખીને કરપીણ હત્યા કરી નાંખી ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ કરીને ફરાર થઈ જનાર શખ્સ આખરે પોલીસ સકંજામાં આવી ગયો છે. કલોલ તાલુકા પોલીસે તેને રકનપુર ગામમાંથી અપહ્યુત સગીરાની સાથે હતો ત્યારે ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે અને રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

કલોલના પ્રતાપપુરા ગામમાં રહેતા અને મુળ પંચમહાલ જિલ્લાના શંકરભાઈ રૂપાભાઈ પાલીયાએ તેમની ૧૬ વર્ષિય દિકરીને હેરાન કરનાર મજુર યુવાનને ઠપકો આપતા તેણે વેર રાખીને ત્રણ દિવસ અગાઉ રાત્રીના સુમારે ખુની ખેલ ખેલ્યો હતો. બાપ-દીકરી ખેતરેથી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે ખેતર પાસે પહોંચી જઈ અર્જુન કાંતિ નાયક નામના શખ્સે તિક્ષ્ણ હથિયાર વડે શંકરભાઈના હાથ-પગ નિર્દયતાપૂર્વક કાપી નાંખીને મો ના ભાગે ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. પિતાનું મર્ડર કરીને સગીર વયની પુત્રીનું અપહરણ કરી તે શખ્સ પલાયન થઈ ગયો હતો. જેને બાતમીને આધારે રકનપુર ગામની સીમમાંથી કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટે ઝડપી પાડી તેની ધરપકડ કરી લીધી છે. તેની પાસેથી અપહ્યુત કિશોરી પણ મળી આવી હતી. પોલીસે હત્યારાની સઘન પુછપરછ માટે કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.



ફિલ્મ સન ઓફ સરદારના અભિનેતા અજયદેવગન અને સોનાક્ષી અમદાવાદના મહેમાન બન્યા હતા.

### નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી

# ઉત્તર-પૂર્વીય પવનને પગલે રાજ્યમાં ઠંડીનો ચમકારો

## ૧૩.૯ ડિગ્રી સાથે મહુવા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું

## અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૫.૨ ડિગ્રી થયુ

અમદાવાદ,તા.૮

રાજયભરમાં શિયાળાની ઋતુ ધીમે ધીમે છવાઈ રહી છે. રાત્રિ સમયથી પરોઢ સુધી વાતાવરણમાં ભેજ રહેવાની સાથે ગુલાબી ઠંડીનો ચમકારો લાગે છે. ત્યારે ઉત્તર પૂર્વીય પવનને કારણે સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે ૧૩.૯ ડિગ્રી સાથે મહુવા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યુ હતુ. ઉપરાંત અન્યત્ર પણ ઠંડી જળવાઈ રહી છે. બીજી તરફ મોસમ બદલાવાના સમયગાળા દરમ્યાન લોકોને શર્દી, કફ, ઉધરસ જેવી ફરિયાદો વધતા દિવાળી નિમિત્તે લોકોને માંદગીનો સામનો કરવો પડયો છે.

રાજ્યના મોટા ભાગના શહેરોમાં રાત્રીના સમયે લઘુતમ તાપમાન ૧૫ ડિ.સ્.ની આસ-પાસ રહેતા વાતાવરણમાં ઠંડક જણાતી હતી. આમ રાજ્યભરમાં લઘુતમ તાપમાને નીચું રહેતા રાત્રે ઠંડકનો અહેસાસ થાય છે તથા દિવસે હજુ ૩૦થી ૩૫ ડિગ્રી સે. વચ્ચે થર્મોમીટરનો પારો રહેતા થોડી ગરમીની અનુભૂતિ થાય છે તેથી મિશ્ર ઋતુને કારણે લોકોને ગળાનો દુખાવો, ઉધરસ, શરદી, તાવ, કફ વગેરે બીમારીઓનો સામનો કરવો પડે છે.દરમિયાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં સૂર્યાચ્છાદિત વાતાવરણ રહેશે અને અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭ ડિ.સે.ની આસ-પાસ રહેશે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૫.૨ ડિગ્રી નોંધાયુ હતુ. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૧૪.૪ ડિગ્રી નોંધાયુ હતુ. વલસાડમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ.

# આચારસંહિતા પૂર્વેના વર્ક ઓડરવાળા કામો હાથ ધરવા સૂચના

ગાંધીનગર, તા. ૮

રાજ્યમાં જ્યાં વિકાસ કામોના વર્ક ઓર્ડરો આપી દેવામાં આવ્યા હોઈ તેવા કામો હાથ ધરવા માટે જિલ્લા પ્રભારી મંત્રીઓને સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં જ રાજ્યમાં ચૂંટણી આચારસંહિતા અમલી બનવા પામી છે. જેના કારણે રાજ્ય સરકાર દ્વારા કોઈજ નીતિ વિષયક નિર્ણયો લઈ ન શકે તે નવી યોજનાઓ કે નવા વિકાસ કામો પણ હાથ ધરી ન શકે કારણ કે જો આવા નિર્ણયો લેવામાં આવે કે કામ હાથ ધરવામાં આવે તો તે ચૂંટણી આચારસંહિતાનો ભંગ ગણાય.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી આચારસંહિતા રાજ્યમાં અમલી બની છે. પરંતુ રાજ્ય સરકાર પણ કાર્યરત છે. આથી મંત્રીઓના જે પ્રભારી જિલ્લાઓ છે અને ચૂંટણી આચારસંહિતા અમલી બની તે પહેલા જે વિકાસકામો માટેના ટેન્ડરો મંજુર કરીને વર્ક ઓર્ડરો આપી દેવામાં આવ્યા હોઈ તો આવા કામો હાથ ધરવામાં કોઈ ચૂંટણી આચારસંહિતા નડતી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લાઓમાં જે વિકાસ કામોના વર્કઓર્ડર આપવામાં આવ્યા હોઈ તેવા વિકાસ કામો હાથ ધરવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.



એસજીવીપીમાં ધર્મસભા યોજાઈ હતી જેમાં અશોક સિંઘલ અને મોહન ભાગવત ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતના વરાછામાં ભરબપોરે ૩૫ લાખની લૂંટથી સનસનાટી

## સારસ્વત બેંકમાંથી ૭૦ લાખ રૂપિયા ઉપાડી ૩૫-૩૫ લાખની બે બેગ બનાવ્યા બાદ લઈ જતી વેળા લૂંટ કરાઈ

અમદાવાદ, તા. ૮

સુરતના વડાછામાં ભરબપોરે ૩૫ લાખની દિલધડક લૂંટથી સનસનાટી મચી ગઈ છે. પોલીસે સમગ્ર મામલામાં ઉંડી તપાસ હાથ ધરી છે. ધાનેરા ડાયમંડના બે કર્મચારીઓને બાઈક પરથી પાડી દઈને લૂંટ ચલાવવામાં આવી હતી. સારસ્વત બેંકમાંથી ૭૦ લાખ રૂપિયાની રકમ ઉપાડી કર્મચારીઓ બે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. મળેલી માહિતી મુજબ વરાછામાં રાજહંસ કોમ્પલેક્સની ગલીમાં બાઈક સવાર બે યુવાનોને પાડી દઈ બેગ આંચકી લઈને ફરાર થઈ ગયા હતા. આ રૂપિયા ધાનેરા ડાયમંડ નામની હિરા પેઢીમાં લઈ જવામાં આવી રહ્યા હતા. દશરથ ઈશ્વરભાઈ સોનેજી અને નીતિન નામના બે કર્મચારી ધાનેરા ડાયમંડમાં નોકરી કરે છે. આ પેઢીનું સારસ્વત બેંકમાં ખાતુ આવેલું છે. આ મામલામાં પણ પોલીસને હજુ સુધી કોઈ કડી હાથ લાગી નથી. તાજેતરમાં સુરતમાં પણ આ પ્રકારના બનાવોમાં એકાએક વધારો થયો છે. સુરતમાં હાલ તહેવાર હોવાથી કર્મચારીઓને નાણાંની ચૂકવણી કરવામાંઆવી રહી છે તેવા સમયમાં લૂંટારાઓ સક્રિય થઈ ગયા છે.

# શહેરમાં માત્ર એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૧૮ કેસો નોંધાયા

અમદાવાદ, તા. ૮

આરોગ્ય તંત્ર દ્વારા રોગચાળાને રોકવા માટે તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં સફળતા મળી રહી નથી. તમામ દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. રોગચાળાના આંકડાથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. અમદાવાદ શહેરમાં ડેન્ગ્યુ, ફાલ્સીપારમ અને મેલેરિયાનો રોગચાળો વ્યાપક રહ્યો છે. માત્ર એક સપ્તાહમાં ડેન્ગ્યુના ૨૧૮ કેસ, મેલેરિયાના ૧૪૨ અને ફાલ્સીપારમના ૧૦૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત શહેરના કેટલાક વિસ્તારોમાં પીવાનું પાણી પ્રદૂષિત આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરમાં આજે ડેન્ગ્યુના ૧૧ કેસ, ઝાડાઉલ્ટીના ૧૭ કેસ, કમળાના ૩ કેસ, ટાઈફોઈડના ૪, મેલેરિયાના ૫ અને ફાલ્સીપારમના ૪ કેસ નોંધાયા હતા. આ ઉપરાંત ખાનગી હોસ્પિટલોમાં મોટી સંખ્યામાં નાગરીકો સારવાર લઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. શહેરમાં ગત તા. ૨૮ ઓક્ટોબરથી તા. ૩ નવેમ્બર સુધીમાં ડેન્ગ્યુના ૨૧૮ કેસ, મેલેરિયાના ૧૪૨ અને ફાલ્સીપારમના ૧૦૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અમદાવાદના કેટલાક વિસ્તારોમાં પીવાનુંપાણી પ્રદૂષિત આવતું હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં રામોલ, જનતાનગર, પ્રહલાદનગર, જગતપુર, સરખેજમાં મુબારક સોસાયટી, મણીનગરમાં ઈસનપુર પોલીસ સ્ટેશનના બોરનો સમાવેશ થાય છે.

# બદરુદ્દીન પર હુમલો કરનાર હનિફની અંતે ધરપકડ કરાઈ

અમદાવાદ, તા. ૮

બદરુદ્દીન શેખ પર હુમલો કરનાર આરોપી હનિફને પોલીસે આજે દિન દહાડે ધોળકામાંથી પકડી પાડવામાં આવ્યા બાદ વધુ વિગત સપાટી પર આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

થોડાક દિવસ પહેલા જ અમદાવાદના કોર્પોરેટર અને કોર્પોરેશનમાં કોંગ્રેસના નેતા બદરુદ્દીન શેખ પર તલવારથી હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવને લઈને ભારે રાજકીય ગરમી જામી હતી. હુમલો કરવામાં આવ્યા બાદ આક્ષેપ-પ્રતિઆક્ષેપનો દોર શરૂ થયો હતો. ઘાયલ થયા બાદ બદરુદ્દીન શેખને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો કે રાજકીયરીતે પ્રેરીત આ હુમલો હતો. કેસમાં રાજકીય કાવતરું હોવાની વાત કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યા બાદ હુમલાને લઈને હોબાળો થયો હતો.

દરમિયાનમાં આજે બાતમીના આધારે બદરુદ્દીન પર હિંસક હુમલો કરનાર ભૂમિ માફિયા હનિફની ધરપકડ કરી લેવામાં આવી હતી. અગાઉ હનિફ, તેના બે પુત્રો અને ડ્રાઈવર સામે અસલાલી પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. હનિફ સામે શહેરના જુદાજુદા વિસ્તારમાં જમીન પચાવી પાડવા, ખૂનના પ્રયાસ કરવા, મારામારી કરવા અને અન્ય સંબંધિત ગુના નોંધાયેલા છે. અત્રે ઉલ્લેખનિય છે કે રવિવારે રાત્રે ૮.૪૫ વાગ્યાની આસપાસ ફતેહવાડી પાસે લગ્નપ્રસંગમાં હાજરી આપવા બદરુદ્દીન ગયા હતા ત્યારે તેમના પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત બદરુદ્દીનને વીએસ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. બદરુદ્દીન શેખને પોલીસ રક્ષણ આપવાની માંગ પણ કરી હતી.

## કામગીરી ખોરંભે... ● પહેલા પાનું ચાલુ

જાહેર સ્થળોએ રખડતા ઢોરની સમસ્યા ઉપર પણ કાબૂ મેળવી શકાયો નથી. જેના લીધે માર્ગ સલામતી જોખવાણી છે. નવા સેકટરોમાં આ સમસ્યા વિશેષ છે. ઢોર પકડવાના મામલે તંત્રના કર્મચારીઓ અને પશુપાલકો વચ્ચે ગરમા ગરમી થતા હવે ઢોર પકડવા માટે કોર્પોરેશન કક્ષાએથી બે નિવૃત્ત લશ્કરી જવાનની નિમણૂંક કરવા નિર્ણય કરાયો છે. જો કે ઈન્ટરવ્યુની પ્રકીયા બાદ આચાર સંહિતાના લીધે નિમણુંકની પ્રક્રિયા અટવાઈ છે. શહેરમાં ઝૂંપડા દબાણ અને રખડતા ઢોરનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. બીજી તરફ હાલ ચૂંટણી આચાર સંહિતાના લીધે આ કામગીરી ડિસેમ્બર પછી જ થઈ શકશે તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

## શબ્દાવલી - ૪૮૯૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ■ | ૪ |
| | ■ | | ■ | ૫ | | | |
| ૬ | ૭ | | ■ | ૮ | | ■ | |
| ■ | | ■ | ૯ | | | ૧૦ | ■ |
| ૧૧ | | ૧૨ | | ■ | ■ | ૧૩ | ૧૪ |
| | ■ | ૧૫ | | | ૧૬ | ■ | |
| ૧૭ | ૧૮ | ■ | ■ | ■ | ૧૯ | ૨૦ | |
| ૨૧ | | | | | ■ | ૨૨ | |

**આડી ચાવી**

૧. તેલીબીયા ખાંડી બનાવાતો કૂચો (૪)
૫. વ્યવસ્થિત ઉછેર, કેળવવું તે (૪)
૬. પ્રસ્તુત, પ્રસિધ્ધિ, પ્રસારણ (૩)
૮. નામનો લાગતા વિશેષણ, એના જેવું દા.ત. જળકમળ...(૨)
૯. મનદુઃખ, અંટસ (૪)
૧૧. નમે નહિ તેવું (૪)
૧૩. 'આણ' શબ્દ ઊંધો (૨)
૧૫. ભણકો, કશાના અવાજના... વાગવા (૪)
૧૭. રાજાનું વાહન (૨)
૧૯. દૃષ્ટિ (૩)
૨૧. જડ પ્રવૃત્તિનું, અણસમજુ (૫)
૨૨. દરરોજ, કાયમ (૨)

**ઊભી ચાવી**

૧. શિયાળામાં તુવેરદાણાની બનતી એક વાનગી (૩)
૨. પ્રેક્ટીસ, રાગ બેસાડવા કે સુધારવા કરાતો પ્રયાસ (૩)
૩. લાહ્ય, અગ્નિ (૪)
૪. રૂખસદ, બરતરફ (૩)
૫. ખેવૈયા, ખારવો (૩)
૭. આંગણામાં છાણ માટીનો કરાતો લેપ (૩)
૯. ચણાના લોટની એક વાનગી (૩)
૧૦. ટોળું, મંડળ (૨)
૧૧. આશ્ચર્ય (૪)
૧૨. આકાશ (૨)
૧૪. હોંશિયાર (૪)
૧૬. જંગલ (૨)
૧૮. ઝાડનો મૂળ પછીનો ભાગ (૨)
૨૦. યશ, કિર્તી (૨)

### શબ્દાવલી ૪૮૯૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) કવાયત (૪) ઘોસણા (૬) ફન (૭) હોનારત (૯) મનખો (૧૧) દાનત (૧૩) દીપડો (૧૪) આવરદા (૧૫) વત (૧૬) રત (૧૮) સઈ (૨૦) રગ (૨૨) રજકો (૨૩) તરકટ

**ઊભી ચાવી :-** (૧) કફની (૨) વાન (૩) તહોમતદાર (૪) ઘોરખોદીયું (૫) સત (૮) નાન (૧૦) આડોડાઈ (૧૧) દાવત (૧૨) નર (૧૪) આવકાર (૧૭) તરત (૧૯) ડંકો (૨૧) ગર